પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતીમાં વિધવા ઉમેદવારોને લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૨૨/૪૫૯/ક.

સચિવાલય, ગાંધીનગર

તારીખ - ૦૭/૧૦/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) સામાન્ય વહિવટ વિભાગનો તા.૨૨/૦૫/૧૯૯૭નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

(૨) સામાન્ય વહિવટ વિભાગનો તા.૩૧/૦૮/૨૦૦૪નો પરિપત્ર ક્રમાંક: સીઆરઆર-૧૦૯૬-૨૨૧૩-ગ.૨.

(૩) સામાન્ય વહિવટ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

(૪) શિક્ષણ વિભાગનો તા-૦૬/૦૨/૨૦૨૦નો ઠરાવ ક.: બમશ/૧૧૧૮/૧૧૫/ગ

(૫) શિક્ષણ વિભાગનો તા-૨૭/૦૪/૨૦૧૧નો ઠરાવ ક.:પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક

❖ **આમુખ:**

સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવથી રાજ્ય સરકારની નોકરીમાં મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ઠરાવના મુદ્દા નં(૮)માં વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાના સિદ્ધાંતો નિયત કરવામાં આવેલ છે. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૩૧/૦૮/૨૦૦૪ના પરિપત્રથી વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાના સિદ્ધાંતોમાં સુધારો કરવામાં આવેલ છે. સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૦૧/૦૮/૨૦૧૮ના ઠરાવથી વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાના સિદ્ધાંતો બાબતે સ્પષ્ટતા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક(૫)થી રાજ્યની જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની કેન્દ્રીયકૃત રીતે ભરતી કરવામાં આવે છે. રાજ્યની જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતીમાં વિધવા મહિલા ઉમેદવારોને પસંદગી માટે તક મળી રહે તે માટે જરૂરી જોગવાઇ કરવાની બાબત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(પાછળના પૃષ્ઠ પર ચાલુ...)

❖ ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની તથા અનુદાનિત પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતી સમયે વિધવા મહિલા ઉમેદવારોને ૦૫ ટકા ગુણનો લાભ આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ માટે રાજ્યની જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતીમાં વિધવા મહિલા ઉમેદવારોને શિક્ષક યોગ્યતા કસોટી- TET(Teachers Eligibility Test-1 &2) પરીક્ષામાં મેળવેલ ગુણના ૫૦% ગુણ તથા તેની શૈક્ષણિક લાયકાતમાં મેળવેલ ગુણના ૫૦% ગુણ આધારે તૈયાર થનાર આખરી મેરીટમાં વિધવા મહિલા ઉમેદવારને તેણીએ મેળવેલ ગુણના ૦૫%(પાંચ ટકા) ગુણ આપવાના રહેશે.

આ લાભ માત્ર એવી વિધવા મહિલા ઉમેદવારોને મળવાપાત્ર થશે કે, જેમણે ભરતી તથા નિમણૂંક સમયે પુનઃલગ્ન ન કરેલ હોય.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૮/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડેલ છે.

આ ઠરાવ બહાર પાડ્યા તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં. ૧૨,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર- તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- ના.સે.અધિકારી સિલેક્ટ ફાઈલ,
- શાખા સિલેક્ટ ફાઈલ.